Friday
20.10.2023
*Volume :8 * Issue No.86
*Email.: kamalamgujarat@gmail.com
*www.kamalamgujarat.com
*Editor :Mahesh N. Patel:- (98249 10606)

ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

# કમલમ્

KAMALAM
ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક
Daily

RNI No.:GUJGUJ/2016/73451
PRINTED MATTER

To,

*Managing Editor: Arjun Sondarva *Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 *Page :04*Rs. 00.25/- *Annual Rs. 90/-

# વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ આપેલા અમૃતકાલ વિઝન-૨૦૪૭ને સસ્ટેઈનેબલ અને પ્રોસ્પરસ બ્લ્યુ ઈકોનમીથી સાકાર કરવા ગુજરાત પ્રતિબદ્ધ: મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ

**ગિફ્ટ સિટીમાં શિપ લિઝિંગ સર્વિસીસ માટે અપાતા ઈન્સેન્ટિવ્ઝનો લાભ લેવા અને વાઈબ્રન્ટ સમિટ-૨૦૨૪માં સહભાગી થવા ગ્લોબલ શિપ લિઝિંગ કંપનીઝને મુખ્યમંત્રીશ્રીનું આમંત્રણ**

કમલમ્ ન્યુઝ,

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે ગ્લોબલ મેરિટાઈમ ઈન્ડિયા સમિટ-૨૦૨૩ના સમાપન અવસરે સ્પષ્ટપણે જણાવ્યું કે, વિશ્વભરના ઈન્ડસ્ટ્રી લિડર્સ, પોલિસીમેકર્સ અને તજજ્ઞોના સામુહિક વિચારમંથનથી આ સમિટે મેરિટાઈમ સેક્ટરના પોટેન્શિયલને વિશાળ ફલક પર ઉજાગર કર્યું છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ઈકોનોમી એડવાન્સમેન્ટ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ ક્ષેત્રે સફળતાપૂર્વક આગળ વધીને ભારતને વૈશ્વિક સ્તરે આર્થિક સત્તાઓમાં સ્થાન અપાવવામાં મેરિટાઈમ સેક્ટરમહત્વપૂર્ણ પ્રદાન કરનારું સેક્ટર બન્યું છે, તેનો તેમણે વિશેષ ઉલ્લેખ કર્યો હતો. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ ભારત સરકારના પોર્ટ, શિપિંગ એન્ડ વોટરવેયઝ મંત્રાલયના ઉપક્રમે મુંબઈમાં આયોજિત ત્રીજી ગ્લોબલ મેરિટાઈમ ઈન્ડિયા સમિટ-૨૦૨૩ના સમાપન સત્રમાં સંબોધન કરી રહ્યા હતા. ભારત સરકારના પોર્ટ, શિપિંગ એન્ડ વોટરવેયઝ મંત્રીશ્રી સર્બાનંદ સોનોવાલ, વાણિજ્ય અને ઉદ્યોગમંત્રીશ્રી પિયુષ ગોયલ તથા કેદ્રિય રાજ્યમંત્રીશ્રી, શ્રીપાદ નાઈક, શ્રીશાંતનુ ઠાકુર, ડો. મહેન્દ્ર મુંજપરા ઉપરાંત મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રીશ્રી દેવેન્દ્ર ફડણવીસ અને કેન્દ્ર સરકારના પોર્ટ્સ ડિપાર્ટમેન્ટના વરિષ્ઠ સચિવો આ સમિટના સમાપન અવસરે ઉપસ્થિત રહ્યા હતા. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે ઉમેર્યું કે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ અમૃતકાળ વિઝન-૨૦૪૭ આપ્યું છે, તેને





**લોજિસ્ટિક્સ ઈન્ડેક્સમાં અગ્રેસર ગુજરાત દેશના કાર્ગો હેન્ડલિંગમાં ૩૯ ટકાનું યોગદાન આપે છે.**

સસ્ટેઈનેબલ અને પ્રોસ્પરસ બ્લ્યુ ઈકોનોમીથી સાકાર કરવા ગુજરાત સંપૂર્ણ પ્રતિબદ્ધ છે. મેરિટાઈમ સેક્ટરના સસ્ટેઈનેબલ ગ્રોથ માટે ઈન્વેસ્ટમેન્ટ અને ઈનોવેશનનું પ્રોત્સાહક વાતાવરણ ગુજરાત પૂરું પાડવા સજ્જ છે, એમ પણ શ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે વડાપ્રધાનશ્રીની પ્રેરણાથી ગુજરાતમાં નિર્માણ થયેલા ગિફ્ટ સિટીમાં શિપ લિઝિંગ સર્વિસીસ માટે આપવામાં આવતા પ્રોત્સાહનોનો લાભ લઈ પોતાના કારોબાર શરૂ કરવા ગ્લોબલ શિપિંગ ઉદ્યોગ સંચાલકોને અનુરોધ કર્યો હતો. તેમણે આગામી જાન્યુઆરી-૨૦૨૪માં યોજાનારી વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટમાં સહભાગી થવા પણ શિપિંગ અને મેરિટાઈમ સેક્ટરના અગ્રણીઓને આમંત્રણ પાઠવ્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, આ સમિટ ગુજરાતના મેરિટાઈમ સેક્ટરમાં રહેલા પોટેન્શિયલને પણ વિશ્વ સમક્ષ પ્રસ્તુત કરવામાં ઉપયુક્ત બની છે. ૧૬૦૦ કિલોમીટર લાંબો સમુદ્રકિનારો ધરાવતં ગુજરાત એક મેજર અને ૪૮ નોન મેજર પોર્ટ્સ દ્વારા દેશના કાર્ગો હેન્ડલિંગમાં ૩૯ ટકાનું યોગદાન આપતું રાજ્ય છે. એટલું જ નહીં, લોજિસ્ટિક્સ ઈન્ડેક્સમાં પણ ગુજરાત અગ્રેસર છે અને અલંગ શિપ બ્રેકિંગ ફેસેલિટીના પરિણામે દેશને શિપ રિસાઈકલિંગમાં વિશ્વમાં બીજા નંબરનું સ્થાન મળ્યું છે. ગુજરાતના પુરાતન બંદરગાહ લોથલનો ભવ્ય ઈતિહાસ પ્રસ્તુત કરતા "નેશનલ મેરિટાઈમ હેરિટેજ કોમ્પ્લેક્સ"ની વિશેષતાઓ પણ તેમણે સમિટમાં ઉપસ્થિત સૌ સમક્ષ રજૂ કરી હતી. ગુજરાત મેરિટાઈમ બોર્ડના ચેરમેનશ્રી એસ.એસ. રાઠૌર તથા વાઈસ ચેરમેન અને એમ.ડી. શ્રી રાજકુમાર બેનીવાલ પણ આ સમિટમાં જોડાયા હતા.

# આજોલમાં પ્રાથમિક શાળા નં.૨ ખાતે શિક્ષણ - વિચાર ગોષ્ઠિમાં ભાગ લેતા - માણસા વિધાનસભા ધારાસભ્ય શ્રી જે.એસ.પટેલ

**રાજ્ય સરકાર નવી શિક્ષણ નીતિના શ્રેષ્ઠ અમલીકરણ માટે સતત પ્રયત્નશીલ છે- માણસા વિધાનસભા ધારાસભ્ય શ્રી જે.એસ.પટેલ**




**વિદ્યાર્થીઓ અને શિક્ષકો સાથે - માણસા વિધાનસભા ધારાસભ્ય શ્રી જે.એસ.પટેલ એ હળવી શૈલીમાં સાધ્યો જ્ઞાનવર્ધક સંવાદ**

કમલમ્ ન્યુઝ,

માણસા વિધાનસભા ધારાસભ્ય શ્રી જે એસ પટેલ દ્વારા આજોલમાં પ્રાથમિક શાળા નં.૨ સૌજન્ય મુલાકાત લીધી હતી. આજોલમાં પ્રાથમિક શાળા નં.૨ (પુરીબેન સોમાભાઈ પ્રભુદાસ-કલાવત) સ્ટાફ દ્વારા માણસા વિધાનસભા ધારાસભ્ય શ્રી જે.એસ.પટેલ સ્વાગત સન્માન કરવામાં આવ્યું જે બદલ સૌનો આભાર વ્યક્ત કર્યો હતોઆ દરમિયાન ધારાસભ્ય શ્રી જે.એસ.પટેલ એ વિદ્યાર્થીઓ અને શિક્ષકો સાથે હળવી શૈલીમાં સંવાદ સાધ્યો હતો અને જરૂરી માર્ગદર્શન આપ્યુ હતું.

ધારાસભ્યશ્રી જે.એસ.પટેલ એ શાળાના આચાર્ય તથા સ્ટાફ સાથે મુલાકાત કરી અને શાળાની વિવિધ પ્રવૃત્તિઓ વિશે પરિચય મેળવ્યો હતો અને શૈક્ષણિક કાર્ય તપાસવાની સાથે જ ભૌતિક સુવિધાના વિકાસ અંગે પણ ચિતાર મેળવ્યો હતો. ઉપરાંત ધારાસભ્ય શ્રી જે.એસ. પટેલ એ શાળાના વર્ગખંડોમાં જઈને વિદ્યાર્થીઓની રૂબરૂ મુલાકાત લીધી હતી અને જ્ઞાનવર્ધક સંવાદ સાધ્યો હતો.

# ભારતની માટીનું ગૌરવ ગાન કરતી અમૃત કળશ યાત્રા







કમલમ્ ન્યુઝ,

આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજી પ્રેરિત વીરોને વંદન માટે 'મેરી માટી મેરા દેશ' કાર્યક્રમ અંતર્ગત સિદ્ધપુર તાલુકા કક્ષાના કાર્યક્રમમા દેશના વિરાંગનાઓના શૌર્યને વંદન કરવા માટે રાજધાનીમાં અમૃત વાટિકા નિર્માણ કરવાના શુભ સંકલ્પ સાથે અમૃત કળશ યાત્રામાં માનનીય કેબિનેટ મંત્રીશ્રી બલવંતસિંહ રાજપૂત સાહેબ ઉપસ્થિત રહ્યા. આ પ્રસંગે પાટણ લોકસભા પ્રભારી શ્રી અશોકભાઈ જોષી, પ્રદેશ મંત્રી - જયશ્રીબેન દેસાઈ, જિલ્લા કલેક્ટર - અરવિંદ વિજયન, ડીડીઓ - ડિ.એમ સોલંકી, અધિક કલેક્ટર - પ્રદીપસિંહ રાઠોડ, તાલુકા પંચાયત પ્રમુખ - ગીરીબેન ઠાકોર, સિધ્ધપુર નગરપાલિકા પ્રમુખ - અનિતાબેન પટેલ, સિધ્ધપુર તાલુકા ભાજપ પ્રમુખ - વિક્રમસિંહ ઠાકોર, સિદ્ધપુર શહેર ભાજપ પ્રમુખ - જયેશભાઈ પંડ્યા, એપીએમસી ચેરમેન - વિષ્ણુભાઈ પટેલ, શ્રી શંભુભાઈ દેસાઈ, પ્રાંત અધિકારી - સંકેતભાઈ પટેલ અને સંગઠન પદાધિકારી ઉપસ્થિત રહ્યા હતા.




# મારી માટી, મારો દેશ- 'અમૃત કળશ યાત્રા માંડવી'

**આદિજાતિ વિકાસ રાજ્યમંત્રી કુંવરજીભાઈ હળપતિના અધ્યક્ષસ્થાને માંડવી તાલુકા પંચાયત કચેરી ખાતે તાલુકા કક્ષાની 'અમૃત કળશ યાત્રા' યોજાઈ**



**'મારી માટી મારો દેશ' અભિયાન દેશની માટી અને વીર શહીદોને નમન કરવાનો ઉત્સવ: આદિજાતિ વિકાસ રાજ્યમંત્રી કુંવરજીભાઈ હળપતિ**




કમલમ્ ન્યુઝ

આઝાદીના અમૃત મહોત્સવના ભાગરૂપે દેશ-રાજ્યવ્યાપી 'મારી માટી, મારો દેશ' અભિયાન અંતર્ગત માંડવી તાલુકા પંચાયત કચેરી ખાતે આદિજાતિ વિકાસ રાજ્યમંત્રીશ્રી કુંવરજીભાઈ હળપતિના અધ્યક્ષસ્થાને તાલુકા કક્ષાની 'અમૃત કળશ યાત્રા' યોજાઈ હતી. આ પ્રસંગે મંત્રીશ્રીએ જણાવ્યું કે, 'મારી માટી મારો દેશ' અભિયાન દેશની માટી અને વીર શહીદોને નમન કરવાનો ઉત્સવ બન્યો છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીએ માટી એટલે જનની અને વીરોને નમન કરી સન્માન આપવાનું કાર્ય કર્યું છે. માંડવી તાલુકાના દરેક ગામોમાંથી આવેલી માટીને એકત્રિત કરી અમૃત કળશ તૈયાર થશે.. એકત્રિત માટીને એકતાના પ્રતિક સ્વરૂપે દિલ્હીના કર્તવ્યપથ પર લઈ જવાશે, જ્યાં 'અમૃત મહોત્સવ સ્મારક'ની 'અમૃત વાટિકા'મા ભળી જશે. વધુમાં તેમણે જણાવ્યું કે, વાઈબ્રન્ટ ગુજરાત સમિટના ૨૦ વર્ષપૂર્ણ થઈ રહ્યા છે, જેની ફલશ્રુતિરૂપે આજે 'વાઈબ્રન્ટ ગામ, વાઈબ્રન્ટ તાલુકો, વાઈબ્રન્ટ જિલ્લાથી વાઈબ્રન્ટ ગુજરાત' બન્યું છે. વાઈબ્રન્ટ ગુજરાત અને જી-૨૦ ના કારણે માતબર રોજગારી સર્જન થયું છે. યુવાનોને કારકિર્દીની નવી તકો મળી છે. ભારતમાં રોજગારી પૂરી પાડવામાં ગુજરાત અગ્રેસર છે. આ પ્રસંગે તા.પંચાયતના પ્રમુખ દિલીપભાઈ ચૌધરી, ઉપપ્રમુખ ગીતાબેન પટેલ, નગરપાલિકા પ્રમુખ નિમેષભાઈ શાહ, માંડવી તાલુકા વિકાસ અધિકારી ધર્મેશભાઈ મહાકાલ, માંડવી પશુ ચિકિત્સક ડૉ.વિજય પાટીલ, માંડવી તાલુકા સરપંચ એસો. પ્રમુખ કમલેશભાઈ ચૌધરી, અગ્રણી અનિલભાઈ, અગ્રણી જિલ્લા-તાલુકા પંચાયતનાસભ્યો, સરપંચો, ગામે ગામથી કળશ લઈને આવેલા ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

